"કાર્તિકી પૂર્ણિમાના મેળે જઈ આવ્યા કે નહિં..?!"

"ના... ભાઈ... ના... અમારે તો મેળા જ છે..!!"

"સમજ્યો નહિ..!"

"અરે સાહેબ..! ચકડોળમાં બેઠા સિવાય ચકડોળનો અહેસાસ થાય એ મેળો કેવો મજાનો..?!"'

"તમારી વાત તો ગુઢ હોય છે..! સમજાય એવું સીધી સાદી ભાષામાં બોલોને..!"

"અરે ખુબ જ સીમ્પલ વાત છે આ..! મોદી સાહેબ આયા, ગયા... રાહુલભાઈ આવ્યા, ગયા... અમિતભાઈ આવ્યા તે જશે... પાછા રાહુલભાઈ આવશે પાછા જશે..! કોઈ પ્રશ્નો પુછે છે... કોઈ જવાબ આપે છે..! કોઈ પુછ્યા વિના જવાબ આપે છે..! જમાવટ છે મેળાની અમારે ત્યાં..!"

"હા...હા...હા...હા..! તમારો મેળો તો મન વગરનો મેળો..! મળે નહિ તોય મેળો..! ફુગ્ગા નહિ... પીપુડી નહી એ મેળાની મજાય શું..?!"

"ત્યાંજ તમારી ભુલ છે... અહીં તો ફુગ્ગા જ વેચાય છે, હવા ભરી ભરીને છોડી જ મુકવાના..!! જાતિવાદની હવા... કોમવાદની હવા... વચનોની હવા... વિસ્તારની હવા..!! સવાલ માત્ર ફુલાવવાવાળો જોઈએ..! અહીંનો ઢીલો પડે તો દિલ્હીથી બોલાવી લઈએ..! પણ ફુગ્ગા ફુલાવીએ અને પીપુડા તો..!!"

"ઓહોહો... પીપુડા તો ઢગલાબંધ છે..! અમારે ત્યાંય છે ને તમારા ત્યાંય છે... વાગ્યા જ કરે છે... વાગ્યા જ કરે છે..!! સુરમાં કે બેસુરા..!! વાગે એટલે વાગે જ... ઘોંઘાટ...ઘોંઘાટ... અને પેલા ઢોલવાળા..!!"

"ઢોલ તો હોય જ ને..?! એક બાજુ વગાડનારાય છે ને બે બાજુ વગાડનારાય છે..! કલાક પર મળે છે..!! વગાડી જાય... ધમાધમ કરી જાય... તમારા કાન ફાડી નાખે..!!"

"અરે..! વાતને ક્યાંથી ક્યાં લઈ ગયા..?! જો કે મેળો અને ચૂંટણી બન્નેનો મહીમા બહુ મોટો પણ સરવાળે નફો નુકસાન કંઈ નહિ"

"મજા જ એની છે ને..?! નિર્દોષ રમત છે..!"

"આ રમત નથી... આ રાજ રમત છે..!! અને આના જેટલી કપટી ચાલ કોઈ રમતમાં નથી હોતી..!! જે નથી કરવાનું... જે નથી થવાનું એ કહેવાનું..! પ્રજાને બહેકાવવાની..!! લલચાવવાની..! અને પોતાના તરફ ખેંચવાની..! અને કામ પતે પછી પછાડવાની..!!"

"તમે તો બહુ કડક બોલો છો..! રાજકારણથી તમે ખુબ હતાશ થઈ ગયા છો..! તમારી નિરાશા દેખાઈ આવે છે..!"

"હા... સાહેબ..! સો ટકા નિરાશ છીએ..!! નફરત થઈ છે નફરત..! જાડી ચામડીના રાજકારણીઓને જોઈને-સાંભળીને-અનુભવીને... મનમાં ઉદ્ભવેલી હતાશા છે..!! ગંદી-ગલીચ રમતો અને પ્રજાને ઉલ્લુ બનાવવાની તરકીબોથી ઉપજેલો આક્રોશ છે આ..!!"

"એમ ના હોય... આટલા નિરાશ કે હતાશ ના થવાય... આશા

● અનુસંધાન પાન-૬ પર

શહેરમાં દેવદિવાળી ઉલ્લાસપૂર્વક ઉજવાઈ

દેવદિવાળી - ગુરુનાનક જયંતિ નિમિત્તે નગરના ગુરુદ્વારા - મંદિરોમાં ભાવિકોની ભીડ ઉમટી : સેકટરોમાં દિવડાઓના દિવ્ય પ્રકાશ સાથે રંગબેરંગી રોશની વચ્ચે નગરજનોએ આંતશબાજીની મજા માંણી : કાર્તિકી પુનમના રોજ નગરના મંદિરોમાં ભાવિકો ઉમટયા : દિવાળીના અંતે હવે લગ્નસરાની મોસમ નિખરશે

ગાંધીનગર તા ૪

આજે કાર્તિકી પુનમે નગરમાં દેવદિવાળીના પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ગુરુનાનક જયંતિ અને દેવદિવાળીના પર્વના સંયોગથી નગરમાં પર્વની ઉજવણીની સાથે ધાર્મિક ચેતના પણ વિશેષ જાગૃત થઈ હતી. દિવસ દરમિયાન ગુરુદ્વારા ઉપરાંત સેકટરોના મંદિરોમાં ભાવિકોની ભીડ જામી હતી. શહેર આસપાસના વિસ્તારમાં સ્થિત ધાર્મિક સ્થાનો પર દર્શનાર્થે ભાવિકો ઉમટી પડયા હતા. સેકટરોમાં રાત્રિના સમયે રંગબેરંગી રોશની વચ્ચે નાગરિકોએ ફ્રેકર્સની મજા લીધી હતી. જયારે દેવદિવાળી પર્વના અંતે હવે લગ્નસરાની મોસમ પણ શરૂ થઈ ગઈ છે. શહેરમાં દિવાળી પર્વની ધમાકેદાર ઉજવણીની સાથે આજે પર્વના અંતે દેવદિવાળીનો તહેવાર પણ શાનદાર રીતે ઉજવાયો હતો. શહેરીજનોએ ગત દિવસોમાં દિવાળીના મહાપર્વની ભવ્ય ઉજવણીની મજા માંણ્યા બાદ આજે દેવદિવાળીના રોજ પણ સેકટરોમાં દિવડાઓનો દિવ્ય પ્રકાશનુ અજવાળુ પથરાયુ હતુ.બીજા દિવસે પણ રવિવાર હોવાથી કેટલાક પરિવારજનોએ ટુંકા પ્રવાસની મજા માંણવા રવાના થઇ ગયા હતા. જયારે આજે રજાના દિવસે પણ ધાર્મિક સ્થાનો પર ભીડ ઉમટી હતી. દેવદિવાળી તેમજ ગુરુનાનક જયંતિ એક જ દિવસે હોવાથી નગરમાં સે-૩૦ સ્થિત ગુરુદ્વારા ઉપરાંત સેકટરોના મંદિરોમાં ભાવિકોની ભીડા જામી હતી. પુનમના આ સંયોગનુ ધાર્મિક રીતે પણ અનોખુ મહત્વ હોવાથી પગપાળા જતા ભાવિકોની સંખ્યા પણ વિશેષ જોવા મળી હતી. કાર્તકી પુનમના રોજ દેવદિવાળી નિમિત્તે શહેર તેમજ આસપાસના ધર્મસ્થાનો પર ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા હતા. સેકટરોમાં રંગબેરંગી રોશનની જાકમજોળ વચ્ચે નગરજનોએ આંતશબાજીની મજા માંણી હતી. દિવાળી પર્વના અંતે શહેરમાં લગ્નસરાની સિઝન શરૂ થઈ ગઈ છે. લગ્નના મુહુર્તો શરૂ થતા હવે નગરમાં લગ્નસરાની મોસમ પણ નિખરશે.

તો, મહેન્દ્રસિંહ વાઘેલા ગાંધીનગર (ઉ)માંથી લડશે

હજુ, ભાજપ શંકરસિંહ બાપુને મનાવવાનો વધુ એક પ્રયાસ કરશે એ નિશ્ચિત છે : મહેન્દ્રસિંહનો ભાજપ પ્રવેશ જિલ્લાના રાજકીય સમીકરણો બદલી નાંખશે

ગાંધીનગર, તા. ૪

રાજયના રાજકારણમાં વજનદાર વ્યક્તિત્વ ધરાવતાં શંકરસિંહ વાઘેલાના પુત્ર અને બાયડના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા નજીકના ભવિષ્યમાં ભાજપમાં જોડાઈ ગાંધીનગર ઉત્તરની બેઠક માટે દાવેદારી કરે એવી સંભાવના વધતી જાય છે. જનવિકલ્પ પક્ષના સુપ્રિમો શંકરસિંહ વાઘેલા કેટલીક બેઠક ઉપર બન્ને પક્ષોના અસંતુષ્ટોનો સાથથી નિર્ણાયક ભૂમિકા ભજવવાનો વિશ્વાસ ધરાવે છે, પરંતુ તેમના દિકરા મહેન્દ્રસિંહ વાઘેલા હજુ અવઢવમાં છે તે નથી જનવિકલ્પમાં જોડાયા કે નથી ભાજપમાં જોડાયા. મહેન્દ્રસિંહ વાઘેલાએ અનૌપચારિક વાતચીતમાં ચાર-પાંચ દિવસમાં નિર્ણય લેવાની વાત કરી હતી, પરંતુ કયા પક્ષમાંથી અને ક્યાંથી લડશે તે અંગેનો નિર્ણય હજી લેવાયો નથી.

રાજકીય ઘટનાક્રમને બારીકાઈથી નિહાળીએ તો ભીંસમાં મુકાતો ભાજપ હજી એક વખત શંકરસિંહ વાઘેલાને મનાવી લેવાનો પ્રયાસ કરશે અને એ પ્રયાસના ભાગરૂપે મહેન્દ્રસિંહની બેઠક તથા જનવિકલ્પના કેટલાંક અઘરા નિર્ણયો સંગઠનમાં સ્થાન આપવાની વાત બની શકે તેમ ચર્ચાય છે. જો અને તો સાથે ચાલતી વાતમાં એમ કહેવાય છે કે જો આ સમીકરણ ગોઠવાય તો મહેન્દ્રસિંહ વાઘેલા ગાંધીનગર ઉત્તરની બેઠક માટે આગ્રહી બને. એ સ્વાભાવિક છે અને મહેન્દ્રસિંહની દાવેદારીથી જિલ્લાના અનેક રાજકીય સમીકરણો બદલાઈ શકે છે. આવનારા દિવસો જિલ્લાના રાજકારણ માટે ખુબ જ નોંધનીય રહેશે એમ વર્તાય છે.

ચૂંટણીનો માહોલ જામતો નથી

બન્ને પક્ષો દ્વારા આગામી સપ્તાહથી સંપર્ક યાત્રાઓ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં હજુ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓને લઈ રાજકીય માહોલ જામતો નથી ત્યારે બન્ને મુખ્ય પક્ષો દ્વારા સંપર્ક યાત્રાઓનો દોર આગામી સપ્તાહથી આરંભાઈ રહ્યો છે.

આ સંપર્કયાત્રાઓ બાદ ચૂંટણીનો ધમધમાટ લોકોમાં જોવા મળશે તેવા ગણિતો રાજકીય પંડિતો મુકી રહ્યા છે.

ભાજપ દ્વારા ૭ થી ૧૨ નવેમ્બર દરમ્યાન ગૌરવ સંપર્ક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તો કોંગ્રેસ દ્વારા પણ આવી સંપર્ક યાત્રા અને જન આશીર્વાદ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

કોંગ્રેસ સમિતિ દ્વારા ૬,૭,૮ નવેમ્બર અને ૧૩-૧૪ નવેમ્બર દરમ્યાન ગાંધીનગર (ઉ) બેઠકના ગ્રામ્ય વિસ્તારને આવરી લેતી સંપર્કયાત્રા સાંજના સુમારે યોજાશે તેવી સમય-સારણી જાહેર કરી દેવાઈ છે.

તો ભાજપ દ્વારા ગૌરવ સંપર્કયાત્રાના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જેમાં બુથ વિસ્તારકો પેજ પ્રમુખો સાથે બેઠકો થશે ઉપરાંત લોકો સાથે સંવાદ બેઠકોનું આયોજન કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

બન્ને પક્ષો તેમના આયુધો સજાવી રહ્યા છે પણ લોકો હજુ કોઈ ઉતાવળમાં નથી અને કોઈ વાતાવરણ રાજકીય રીતે જામતુ નથી. બન્ને પક્ષો હમણાં તો જો અને તો ના ગણિતો સાથે તેમની વ્યુહરચના તૈયાર કરવામાં ગળાડૂબ જરૂર બન્યા છે પણ જનમાનસમાંથી પ્રતિસાદ ન મળતો હોવાથી પાછા વ્યુહરચનામાં ફેરફારના ગણિતો માંડી રહેલા નજરે પડે છે.

અક્ષરધામ આતંકી હુમલાનો માસ્ટર માઈન્ડ આખરે ઝડપાયો

સાઉદી અરબથી આવતો અબ્દુલ અજમેરી અમદાવાદ એરપોર્ટથી પકડાયો : ૨૦૦૨નો બદલો લેવા કર્યો હતો હુમલો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની જ નહી પરંતુ દેશની ગોઝારી ઘટના અક્ષરધામ આતંકવાદી હુમલાને ૧૫ વર્ષ થઈ ગયા. આ આતંકી હુમલાનો માસ્ટર માઈન્ડ અબ્દુલ અજમેરી નાસતો ફરતો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આજે આ માસ્ટર માઈન્ડ અજમેરીને અમદાવાદ એરપોર્ટથી પકડી દબોચી લીધો છે. સાઉદી અરબથી અમદાવાદ આવેલા આ શખ્સને પકડી પાડીને કડક ઈન્ટ્રોગેશન શરુ કરવામાં આવ્યું છે.

૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે સાંજે સાડા ચાર વાગ્યે અક્ષરધામ મંદિર પર હથિયારોથી સજ્જ બે ત્રાસવાદીઓએ હુમલો કરી દીધો હતો. આ આતંકી હુમલામાં ૩૨ના મૃત્યુ અને ૭૯ ઘાયલ થયા હતા. આતંકી હુમલો થયો ત્યારે ૬૦૦ જેટલા શ્રધ્ધાળુઓ મંદિરમાં હતા. પોલિસ અને કમાન્ડોએ ઓપરેશન પાર પાડીને આતંકીઓ ઠાર કર્યા હતા. દેશભરમાં અરેરાટી ફેલાવી દેનાર આ ઘટનાના ૧૫ વર્ષ બાદ આ હુમલાનો માસ્ટર માઈન્ડ સાઉદી અરબથી પરત ફરતો હતો ત્યારે આજે અમદાવાદ એરપોર્ટથી ઝડપાઈ ગયો હતો. મંદિર જેવી પવિત્ર જગ્યાને લોહી લુહાણ કરવાનો પ્લાન બનાવનાર અબ્દુલ રશીદ અમેજરી સાઉદી અરબના રિયાધથી આજે અમદાવાદ આવ્યો હતો. જેવો તે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચ્યો કે તરત ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદની ટીમે તેને ઉપાડી લીધો હતો. ક્રાઈમ બ્રાન્ચના એડી. ડીસીપી રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે અબ્દુલ રશીદ અજમેરી વર્ષ ૨૦૦૩થી નાસતો ફરતો હતો જે ઘણા વર્ષોથી સઉદી અરેબિયા ખાતે રહેતો અને અમદાવાદ શાહપુર વિસ્તારમાં રહેતા તેના ભાઈની મદદથી તેણે આ કાવતરું ઘડયું હતું. વર્ષ ૨૦૦૨માં ગોધરા કાંડ બાદ બદલો લેવા અબ્દુલ રશીદ અજમેરીએ જૈસ-એ-મહંમદ તથા લશ્કર-એ-તોયબાના આગેવાનો સાથે ભેગા મળીને ફંડફાળો ઉઘરાવી અમદાવાદમાં રહેતા તેના ભાઈ સાથે મળીને હુલમાની તૈયારીઓ કરી હતી.

નૂતન વર્ષાભિનંદન

ઉજેડીયા ગ્રામ પંચાયત

ઝાલા ચીનુસિંહ દાનસિંહ
સરપંચશ્રી
ઉજેડીયા ગ્રામ પંચાયત

ઉજેડીયા, તોરણીયા, વક્તાપુરના સમસ્ત ગ્રામજનોને નવા વર્ષની હાર્દિક શુભકામના....

મુ. ઉજેડીયા, તા. તલોદ, જિ.સા.કાંઠા

શુભ દિપાવલી
નવા નર્ષની શુભકામના
સ્વચ્છ ગામ સ્વચ્છ ગુજરાત

રણાસણ ગ્રામ પંચાયત
મુ. પો. રણાસણ, તા. તલોદ, જિ. સા.કાંઠા

નવા વર્ષની તમામ ગ્રામજનોને શુભકામના

- ચમાર અમૃતભાઈ કોદરભાઈ - સરપંચશ્રી
- રહેવર કલમેન્દ્રસિંહ ચંદનસિંહ - ડે. સરપંચશ્રી
- રહેવર જ્યોતિકુંવરબા જીજ્ઞેશસિંહ - ક. સભ્ય
- પ્રજાપતિ ઉષાબેન કિરીટભાઈ - ક. સભ્ય
- વાઘરી કિશોરભાઈ ફતાભાઈ - ક. સભ્ય
- ખાંટ કપિલાબેન તખતસિંહ - ક. સભ્ય
- નાયી અશોકકુમાર ઈશ્વરભાઈ - ક. સભ્ય
- ડાભી હિંમતસિંહ દલપતસિંહ - ક. સભ્ય
- વણકર કનુભાઈ લાલાભાઈ - ક. સભ્ય
- પટેલ અલ્પેશભાઈ ભગવાનદાસ - તલાટી-કમ-મંત્રી
- ડાભી આશિષ દશરથભાઈ - (V.C.R. રણાસણ)

રાઠોડ દિગ્વીજયસિંહ વિક્રમસિંહ
રહેવર ધર્મેન્દ્રસિંહ જુજારસિંહ

Required
- Process Associates -image.
- Will be responsible to identify product from photo and label with correct sample from available list.
- Attractive Salary + incentives. 5 days working.
- Applicant must have logical skills and basic computer knowledge.

Must be good in written and spoken English
Walk in with your resume.
StayInFront India Pvt. Ltd.
301 IT Tower1, Infocity.Gandhinagar
Phone: 079-66719000

શુભ દિપાવલી
નૂતન વર્ષાભિનંદન...

સલાટપુર ગ્રામ પંચાયત

- પટેલ જયેશકુમાર નારણભાઈ - સરપંચ
- રાઠોડ જશુભાઈ કલ્યાણભાઈ - ડે. સરપંચ
- પટેલ શામળભાઈ રામાભાઈ - ક. સભ્ય
- પટેલ વિપુલભાઈ દિનેશભાઈ - ક. સભ્ય
- ઝાલા વિનેન્દ્રસિંહ અમરસિંહ - ક. સભ્ય
- ઝાલા બળદેવસિંહ માધુસિંહ - ક. સભ્ય
- પટેલ સરોજબેન જીતેન્દ્રકુમાર - ક. સભ્ય
- વાળંદ દિપીકાબેન અશ્વિનભાઈ - ક. સભ્ય
- મહેશભાઈ ડી. પંડ્યા - તલાટી-કમ-મંત્રી

તમામ ગ્રામજનોને નવા વર્ષની શુભકામના...
મુ. સલાટપુર, તા. તલોદ, જિ. સા.કાંઠા

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com